# પ્રેરણાની પરબ


મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ.

'ચિત્રભાનુ'


★


: સંપાદક :

જસુભાઈ વ. દાણી ભાષાવિશારદ



શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ

અમદાવાદ

પ્રથમ આવૃત્તિ

ભેટ પુસ્તક : સંવત ૨૦૧૭

પુનર્મુદ્રણ : સંવત ૨૦૧૮

કિંમત : ૦-૫૦ ન. પૈસા

બાલાભાઈ મણિલાલ શાહ
શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈના દેરા સામે, અમદાવાદ

: મુદ્રક :
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ - ૧૪.

# પરબનાં પાણી

**આ** અત્યંત નાની પણ ખૂબ જ પ્રેરક એવી પુસ્તિકાનું સંપાદન કરતાં મને અત્યંત આનંદ થાય છે. મારા એ આનંદ પાછળ અસંખ્ય શ્રોતામિત્રોના હૈયાંના હેતનો પ્રવાહ વહી રહેલો જોઉં છું.

સં. ૨૦૧૭ના વર્ષે મુંબઈના નેમિનાથજી ઉપાશ્રયમાં અન્ય ત્યાગીમંડળી સાથે મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીએ ચાતુર્માસ ગાળ્યો. એ દિવસો દરમિયાન તેઓશ્રી, પ્રતિ પ્રભાતે પ્રેરક પ્રવચન આપતા. 'ધર્મરત્ન પ્રકરણ' ઉપરનાં એમનાં એ પ્રવચનો, થોડા જ સમય પહેલાં **'ધર્મરત્નનાં અજવાળાં'** રૂપે પ્રકટ થયાં છે.

એ પ્રવચનોની પ્રતિ પ્રભાતે, ભક્તો અને શ્રોતાઓના મનન અર્થે મુનિશ્રી દરરોજ એક સુંદર ને પ્રેરક સુવિચાર લખી આપતા અને

શ્રી ગિરધરભાઈ મણિયાર, એમના મોહક અક્ષરોમાં કળાત્મક રીતે પાટિયા ઉપર લખતા. દરરોજ અનેક શ્રોતાઓ એ પાટિયા ફરતા વીંટળાતા અને નોટોમાં લખી લેતા.

એ ચાતુર્માસ દરમિયાન જે સુવિચારોએ અનેક શ્રોતાઓને ઊંડી પ્રેરણા આપી છે તે, વધુ વિશાળ ભક્તહૃદયોને સહાયક બને એ માટે, વર્ષનાં બાવન સપ્તાહ માટેનાં બાવન સુવાક્યો અહીં રજૂ કરવામાં આવ્યાં છે. વાચન, મનન અને નિદિધ્યાસનમાં એ ખૂબ જ સહાયક થશે.

મને શ્રદ્ધા છે કે મુનિશ્રીના પ્રવચનોમાંની પ્રજ્ઞા, પ્રકાશ અને પ્રાસાદિકતાથી જેઓ પ્રેરણા પામ્યા છે તેમને આ પુસ્તિકા, પરમનાં પ્રેમપાનની મસ્તી જગવશે.

**મુંબઈ.**

**જસુભાઈ હાણી**
**સંપાદક**

# બે બોલ

**પાંચમા** વર્ષના શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટના ગ્રાહકોને ભેટ પુસ્તક તરીકે જાણીતા વિદ્વાન, વ્યાખ્યાતા, લેખક અને ચિંતક મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. નું વિચાર–મૌક્તિકનું સુંદર પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે.

આ પુસ્તકના જન્મ વિષે વિદ્વાન સંગ્રાહક અને સંપાદકે પોતાના નિવેદનમાં ખુલાસો કર્યો છે. અને એ રીતે ધૂળધોયા જેમ માટીમાંથી સુવર્ણ શોધી કાઢે છે એમ એમણે ભુલાઈ જવા સરજાયેલાં મૌક્તિકોને સંરક્ષી એક સુંદર હાર બનાવ્યો છે અને તે માટે તેઓશ્રીના અમે આભારી છીએ.

માણસની કૂચ જીવનનાં ઉચ્ચ શિખરો સર કરવા ભણી છે: અને તે બહુ ઝડપી બની દેખાય છે, પણ સાથે સાથે ન ધારી હોય તેવી આધિ, વ્યાધિ ને ઉપાધિઓ એને ચારે તરફથી ઘેરી વળ્યાં છે!

એક તરફ સર્જન, તો બીજી તરફ એટલી જ ઉત્કટ સંહારની તૈયારીઓ ! ઉમંગી માણસ આ બધું જોઈને હાશ કરીને બેસી જાય છે, એ કર્તવ્યથી પરાંગમુખ થઈ જાય છે, એને દિનદિશા સૂઝતી નથી, એ વિચારે છે. રે ! આ જગતમાં તે શું થઈ શકે? આ જીવન તે કેમ જિવાય ! આમાં સુખી કેમ થવાય ?

એ વેળા આ પ્રેરણાની પરબનાં સુમધુર જળ એને ઉત્સાહી બનાવે છે, એને ભાંગી જતો અટકાવે છે ને આગળ ધપાવે છે. આશા છે કે પાઠકો એ રીતે પ્રેરણાની આ પરબનાં જળનાં પાન કરશે.

શ્રી જીવન–મણિ સદ્‌વાચનમાળા પોતાનું છઠ્ઠું વર્ષ પૂરું કરી રહ્યું છે. ને વિક્રમના ૨૦૧૯મા વર્ષે નવા વર્ષમાં પદાર્પણ કરે છે. ફક્ત દશ રૂપિયામાં લગભગ બમણી કિંમતનાં આ ઉત્તમ વાંચન પૂરું પાડતાં પુસ્તકોએ પોતાનું સ્થાન જમાવ્યું છે, તેનો અમને આનંદ છે.

૨૦૧૮, અમદાવાદ

**—વ્યવસ્થાપક**

# પ્રેરણાની પરબ

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. 'ચિત્રભાનુ'ના

## અન્ય પ્રેરણા–ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| સૌરભ | કિં. ૨–૦૦ | હવે તો જાગો | ૨–૦૦ |
| બિન્દુમાં સિંધુ | કિં. ૦–૬૫ | ભવનું ભાતું | ૧–૨૫ |

'ધર્મરત્નનાં અજવાળાં' ૩–૫૦

— હવે પછી પ્રગટ થશે —

**નૈવેદ્ય**

*

પ્રાપ્તિસ્થાન : **શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**
હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, **અમદાવાદ**

# સંત સમાગમ

ઝાકળનું બિન્દુ જ્યારે કમળની પાંદડી ઉપર બેઠું હોય છે ત્યારે એ મોતીની ઉપમા પામે છે; પણ એ જ બિન્દુ જ્યારે તપેલા તવા પર બેસે છે તો બળીને અલોપ થઈ જાય છે. આમ સંત અને સજ્જનના સંગથી માણસ પણ શ્રેષ્ઠ સ્થાન પામે છે, પણ દુર્જનના સંગથી તો એનો વિનાશ જ થાય છે.



# દાનનો આનંદ

**આનંદથી** ડોલતાં વૃક્ષોને જોઈ મેં પૂછ્યું: ‘ આજે આટલી પ્રસન્નતાથી કેમ ડોલી રહ્યાં છો ? ’

વહી રહેલી પવનની લહેરમાં આનંદનો કંપ અનુભવતાં વૃક્ષોએ જવાબ આપ્યો: ‘ કેમ ન ડોલીએ ? સૂર્યનો તાપ સહીને અમે પંખી અને પથિકને છાયા આપી; અમને મળેલાં ફળોનું અમે માનવીને દાન દીધું; સહનશીલતા અને દાનનો એ આનંદ અમને મસ્ત બનાવે, પછી તૃપ્તિથી અમે કેમ ન ડોલીએ ? ’



# ધર્મનું મૂલ્ય

**ધર્મની** જીવનમાં શી જરૂર છે? એ ક્યાંય દેખાય છે ખરો? એમ તો વૃક્ષનાં મૂળિયાં પણ બહાર ક્યાં દેખાય છે? પણ વિચારો કે મૂળિયાં ન હોય તો વૃક્ષ હોય ખરું? તો જીવનના મૂળમાં જો ધર્મ ન હોય તો જીવન ક્યાંથી હોઈ શકે? જેમ વૃક્ષ માટે જીવનદાતા મૂળિયાં છે, તેમ માનવનો જીવનદાતા ધર્મ છે. ધર્મનું એ મૂલ્ય અમૂલ્ય છે.



# સત્યનો સૂર્ય

**સત્ય** એ સૂર્યના પ્રકાશ જેવું છે. એ એની મેળે જ પ્રકાશી ઊઠે છે, અને વિના કહ્યે જગત એનું દર્શન કરી શકે છે. સૂર્યના આગમન ટાણે કાંઈ નગારાં વગાડવાં પડતાં નથી. સત્યમાં પણ આવી પ્રતિભા રહેલી છે.



# ઇચ્છા ને સંતોષ

**વહાલા પથિક !** જ્યાં સુધી તું ઇચ્છાઓની આગમાં સળગી રહ્યો છે ત્યાં સુધી સંતોષની શીતળતા તને ક્યાંથી સમજાશે ? યાદ રાખજે કે અંધકાર અને પ્રકાશની જેમ, ઇચ્છા અને સંતોષ પણ પરસ્પર વિરોધી છે. તું શું ઝંખે છે ? ઇચ્છા કે સંતોષ ?



# દુઃખની મજા

**શ્યામમાં** શ્યામ વાદળને પણ સોનેરી કિનાર હોય છે, તેમ કાળામાં કાળી વિપત્તિને પણ સંપત્તિની સોનેરી કિનાર હોય છે જ. જગતમાં એવું કોઈ નથી કે જેનો છેડો ન હોય; અને તેથી, સુખના એ દિવસની પ્રતીક્ષા કરતાં, હિંમતપૂર્વક સદાચારી જીવન જીવ્યા કરવું એમાં પણ મજા છે.



# તપ અને ભક્તિ

વિચારું છું કે ઉનાળાના ધોમ તાપમાં પણ આ વૃક્ષ આવું લીલું કેમ રહી શકે છે? હા, કારણ કે તે ઉપરથી જેમ સખત તાપ સહન કરે છે, તેમ ધરતીની અંદરથી રસ ચૂસે છે. આમ માણસ પણ લીલો ત્યારે જ રહે, જ્યારે એ બહારથી તપ કરે અને અંદરથી—આત્મામાંથી ભક્તિરસનું પાન કરે.



# રાતરાણીનાં ફૂલ



**અંધારી** મેઘલી રાતે પણ રાતરાણીનાં પુષ્પો એની સૌરભથી આખા બાગને જેમ મઘમઘાવી દે છે, તેમ સમાજના સેવકોએ, સાધુઓએ અને શિક્ષકોએ આ સંસાર-ઉદ્યાનને એમનાં તપ, સંયમ ને તિતિક્ષાનાં પુષ્પ-પરિમલથી ભરી દેવાનું છે.

# માણસ આપે છે ?

ધૂપ પોતે સળગીને, દુર્ગંધને દૂર કરી સુગંધ ફેલાવે છેઃ લાકડાં જાતે બળીને, ટાઢને હઠાવી ઉષ્મા આપે છેઃ શેરડી કોલુમાં પિલાઈને મીઠો રસ આપે છે. આ બધાં કરતાં માણસ તો શ્રેષ્ઠ છે. છતાં એ જગતને કાંઈ આપ્યા વિના જાય તો ?



# ચારિત્રની સુવાસ



**ચારિત્ર** એ અત્તરના પૂમડા જેવું છે. એ જેની પાસે હોય છે તેને તો એની સુવાસ મળે જ છે, પણ તેના સમાગમમાં જે આવે છે તેનેય એ પોતાની સુવાસ આપતું રહે છે. એના અંતરની સુવાસના દાનમાં જ એને આનંદ હોય છે.

# કાગ થશો કે હંસ?

આ દુનિયામાં સહેલામાં સહેલું કામ હોય તો તે કાગનું—સૌની ટીકા કરવાનું અને નિંદા કરવાનું. પણ કઠણમાં કઠણ કાર્ય જો હોય તો તે હંસનું; સર્વમાં સદ્ગુણ જોવાનું અને તેની પ્રશંસા કરવાનું.

તમને શું ગમે? કાળો કાગ કે શ્વેત હંસ?



# પાણી અને વાણી

**પર્વનો** દિવસ આવે છે ને માનવી પાણીની બાલદી ભરી, ઘરનાં વાસણો અને વસ્ત્રો સ્વચ્છ કરવા બેસી જાય છે; તો માનવજીવનના ધર્મપર્વને દિવસે, પ્રભુની મંગળ વાણી સ્મરી, મનને અને અંતરને માનવી પવિત્ર નહિ બનાવે શું!



# મંદિરનું શિખર

**મંદિરનું** શિખર, શકય તેટલું ઊંચું કેમ રખાય છે, ખબર છે? કારણ, એનાથી માનવીની દૃષ્ટિ ઊંચી રહે, એનું લક્ષ ગગન તરફ ઉન્નત રહે. માનવી! તારા જીવનમંદિરનું શિખર પણ આમ સદાય ઊંચું રાખી જીવજે.



# હાથીનું ગૌરવ

હે માનવ! તું તારા અસ્તિત્વને ઓળખ. તું શા માટે અહીં આવ્યો છે? તારે અહીંથી શું પ્રાપ્ત કરવાનું છે? અને આજે તું શું કરી રહ્યો છે? પ્રકાશના ઓ પંથી! તું ધન અને કામના પાછળ,-શ્વાનની જેમ પૂછડી પટપટાવતો ફર નહિ, તારા આત્માના વૈભવને જાણ અને હાથીનું ગૌરવ કેળવ.



# ધર્મ-બૅન્ક

**બૅન્કમાં** જમા કરેલા પૈસા જેમ જરૂર વખતે આ લોકમાં કામ લાગે છે, તેમ દાન, શિયળ, તપ અને ભાવમાં જમા કરેલાં તન, મન અને ધન પરલોકમાં કામ લાગે છે.

દુન્યવી બૅન્કને તો ક્યારેક ડૂબવાનોય ભય છે, જ્યારે આ પ્રેમશાસનની બૅન્ક તો ત્રણ કાળમાં શાશ્વત અને સલામત છે. માટે તમારું જીવનધર્મનું ધન એમાં મૂકો.



# તાજૂડીની પ્રાર્થના



દુષ્કાળ આવ્યો અને લોકોનાં રુદન શરૂ થયાં, પ્રાર્થનાઓ થઈ પણ મેઘરાજે એ ન સાંભળી. પછી પાઈ–પૈસાનો વેપાર કરનાર પેલો વેપારી ઊભો થયો. કહે: ‘હે પ્રભુ, હું જો આ ત્રાજવાને વફાદાર રહ્યો હોઉં તો આજ વરસી નાખજે.’ અને મેઘ તૂટી પડ્યો. કારણ? પળ પળની એની પેલી તાજૂડી એની પ્રાર્થના બની ગઈ હતી. આનું નામ સાધના.


# મનની નિર્મળતા

પાણી નિર્મળ હોય તો એમાં સૂર્યનું પ્રતિબિમ્બ દેખાય, પણ એના પર જો લીલ છવાઈ ગઈ હોય તો પ્રતિબિમ્બ કેમ દેખાય? તેમ મન પણ જો નિર્મળ હોય તો જ એમાં પરમાત્માનું પ્રતિબિમ્બ પડે; તેના પર મળ અને મેલની લીલ જામી ગઈ હોય તો એ પ્રતિબિમ્બને કેમ ઝીલી શકે? માટે જ તો નિર્મળતા આવશ્યક છે.



# જ્ઞાનીની પુણ્યજ્યોત

**આંખમાં** ઘણી શક્તિઓ હોવા સાથે એક મોટી અશક્તિ પણ છે.–તે બધાંને જુએ છે, પણ પોતાની આંખના કણાને જોઈ શકતી નથી, કાઢી શકતી નથી. એને માટે તો બીજાની સહાય જ લેવી પડે છે. આવી જ રીતે, મનુષ્યનું મન બધાંના વિચાર કરે છે પણ પોતાનો વિચાર એ નથી કરી શકતું. આ માટે તો જ્ઞાનીની સહાયથી કે એમની પુણ્યજ્યોતથી એણે એના મનમાંના કણાને દૂર કરવું પડે છે.



# કીડીની કામના

**સાકરના** પાણીમાં પડેલી કીડી ડૂબતી, મૂંઝાતી, તરફડતી હોય છે ને મડદા જેવી થઈ જાય છે. પણ બહાર નીકળતાં અને જરાક સ્વસ્થ થતાં પાછી એ પાણી તરફ જાય છે. માનવીનો જીવ પણ આમ વિષયોની તૃપ્તિમાં દુઃખ આવતાં જરાક વાર વૈરાગી બને છે, પણ દુઃખ જતાં પાછો ભોગ તરફ એ ધસે છે. માનવીની કામનાની આ કેવી કરુણતા છે?



# સમતાનું હવામાન

**પાણીમાં** એક કાંકરી પડે તોય કુંડાળું ઊભું થાય છે, કારણ કે પાણી પ્રવાહી છે; પણ ઠંડીથી જ્યારે એ જામી જાય છે ત્યારે પથ્થર નાખો તોય એને કાંઈ થતું નથી. આપણા મનનું પણ આવું છે. મનની આવી ચંચળ પ્રવાહિતાને ટાળવા અને તેને ઠારવા સમતાનું હવામાન ઊભું કરો અને પછી અનુભવો કે સમતા કેવી વીતરાગતા સર્જે છે!



# સંસ્કારનું સૌન્દર્ય

જુવારનો રંગ કેવો ફીકો, પીળો હોય છે; આકર્ષણ વગરનો હોય છે! પણ અગ્નિના સંયોગથી એનો સંસ્કાર થતાં એ ધાણી બને છે. પછી એની શ્વેતતા અને ષટ્કોણ આકાર કેવા મનોહર બને છે! આત્માનો પણ આમ જ્ઞાન તથા ક્રિયાના સંયોગે સંસ્કાર થાય તો એ પણ પરમાત્મા બને છે; અપૂર્ણતામાંથી પૂર્ણતાને પામે છે.



# મનની વિચિત્રતા



**માનવનું** મન કેવું વિચિત્ર છે! એની પાસે જે ભરેલું છે એની એને કિંમત નથી, અને એની પાસે જે નથી તેને માટે એ વલખાં મારે છે. અંતરનો આત્મપ્રકાશ ભૂલી એ ક્યાં સુધી સંસારના અંધકારમાં ઘૂમ્યા કરશે?

# આત્મજ્ઞાન

વજ્રના પ્રહારથી બે ભાગમાં વહેંચાયેલો પર્વત જેમ ફરીથી સંધાતો નથી, એમ જે માણસ એના સમ્યગ્જ્ઞાનથી આત્માને અને કર્મને જુદાં પાડી શકે છે, એના પર કર્મની કાંઈ જ અસર ફરી થઈ શકતી નથી.



# જ્ઞાનનો પ્રકાશ



**સૂર્યના** દર્શનથી જેમ, કઈ વસ્તુ ક્યાં છે એનું દર્શન થાય છે, તેમ આત્મજ્ઞાનના પ્રકાશથી જીવનમાં કઈ વસ્તુ ક્યાં છે, તેનું દર્શન થાય છે, અને સંસારની છોડવા અને ગ્રહણ કરવા લાયક વસ્તુનું ભાન થાય છે. માટે આત્મજ્ઞાનનો એ પ્રકાશ મેળવો.

# જીવનની જ્યોત

દિવેલિયામાં તેલ હોય તો જ એ દીપક સારી રાત જલે છે; તેલ ખૂટતાં એ બુઝાઈ જાય છે. તેમ ગૃહસ્થાશ્રમમાં પણ જો સંયમનું દિવેલ હોય તો જ એની જ્યોત જલતી રહે છે. સંયમનો ત્યાગ એટલે જીવન-દીપકનો હ્રાસ-નાશ.




# સંયમનું સુપાત્ર



સિંહણનું દૂધ જેમ સુવર્ણના પાત્રમાં જ રહી શકે છે ને બીજા પાત્રમાં રેડતાં, એ પાત્ર ફૂટી જાય છે અને દૂધ ઢળી જાય છે, તેમ ધર્મ પણ સંયમના સુપાત્રમાં જ રહી શકે છે. અસંયમના પાત્રમાં ધર્મ ટકે નહિ અને એવો માણસ ધર્મી બને તો એને લીધે ધર્મ પણ વગોવાઈ જાય.

# આંતરિક રંગ

**ખાણમાંની** ધૂળ સાથે મળેલું સોનું પોતે પણ ધૂળ જેવું દેખાય છે, પણ કોઈ કુશળ કારીગર જ્યારે એને શુદ્ધ કરે છે ત્યારે એનો આંતરિક સુવર્ણ રંગ પ્રગટે છે; તેમ, કર્મ સાથે મળી ગયેલો આત્મા, જ્ઞાનીના સમાગમ-થી અને તેનું કર્મ હટી જતાં આંતરિક પરમાત્મદશાના રંગથી દીપી ઊઠે છે.



# સંગનો રંગ



**જેમ** લોખંડ પારસમણિના સ્પર્શથી સુવર્ણમાં ફેરવાઈ જાય છે, તેમ દુર્જન પણ સત્સંગના પ્રભાવથી ધીરે ધીરે સજ્જન થઈ જાય છે: કારણ કે સંગનો રંગ માણસને લાગ્યા વગર રહેતો જ નથી; માટે સંગ એવો રાખો કે જેથી જીવનનો રંગ શ્રેષ્ઠ જ રહે.

# ત્રણ દુર્ગ

**જેમ** પ્રભુની પાસે જવું હોય તો સમવસરણના ત્રણ ગઢ ઓળંગો તો જ પ્રભુ મળે છે એમ, આત્માના શુદ્ધ સ્વરૂપને પામવું હોય તો મન, વચન અને કાયાના–ત્રણ અશુભ યોગ રૂપી દુર્ગ–ગઢ ઓળંગવા પડે છે, તો જ શુદ્ધ ચૈતન્યની ઝાંખી થઈ શકે છે.



# શિયળ ને સદાચાર



એકડા વિના જેમ શૂન્યની કિંમત કંઈ જ નથી, તેમ સદાચાર વિના, જીવનમાં વ્રતોની કિંમત પણ કંઈ જ નથી. વ્રત તો શોભે છે, શિયળ અને સદાચારના અલંકારથી.

# રત્નનાં પારખાં

**રત્નની** કિંમત કોણ કરી શકે? ઝવેરી હોય તે. તેમ, માનવજીવનની મહત્તા કોણ સમજી શકશે?–જેનામાં સમ્યગ્દૃષ્ટિ હશે તે. માટે હે માનવી! આજે અને અત્યારે જ એ દૃષ્ટિ કેળવ.



# સંયમની ઢાલ

ભગવાન મહાવીર કહે છે: કાચબો જેમ ભય આવતાં પોતાની ઇન્દ્રિયોને સંકેલી લઈ, પીઠની ઢાલ નીચે બેસી પોતાનું રક્ષણ કરે છે તેમ પ્રાજ્ઞ માણસ પણ વિષયોના પ્રલોભન ટાણે, પોતાની ઇન્દ્રિયોને ગોપવી, સંયમની ઢાલ નીચે પોતાનું રક્ષણ કરે છે.



# મનનું તપ

**માટીના** કાચા ઘડાને પરિપક્વ કરવા એને અગ્નિમાં મૂકવો પડે છે. એ તાપથી એ મજબૂત થાય છે. તેમ, મનને પણ પરિપક્વ કરવા, તપ અને તિતિક્ષાના અગ્નિમાં એને મૂકવું પડે છે. તપના અગ્નિથી જ એ મજબૂત અને શક્તિશાળી બને છે.



# ધર્મીની ઝંખના



ધૂળધોયાની ધીરજ જોઈ છે ખરી?
ધૂળની આખી ટેકરીને એ ધોતો જાય છે;
ગામ આખાની ગટરમાં વહેતી ધૂળ પાછળ
એ શ્રમ કરે છે. શા માટે? સોનાની એકાદ
નાની શી કણી મેળવવા. તેમ, ધર્મીની ધીરજ
પણ એવી જ હોવી જોઈએ. શા માટે?
આત્માના પ્રકાશનું એકાદ સુંદર કિરણ પામવા.

# અજ્ઞાનનાં અંધારાં

**અંધકારને** ઉલેચવાનો માર્ગ એક જ છે અને તે એ કે ત્યાં પ્રકાશને લાવવો. પ્રકાશની હાજરી થતાં જ અંધકાર આપોઆપ અદૃશ્ય થઈ જશે. આમ, અજ્ઞાનને ટાળવાનો માર્ગ પણ એક જ છે અને તે એ કે ત્યાં જ્ઞાનને લાવો. જ્ઞાન આવતાં, અજ્ઞાન એની મેળે અદૃશ્ય થઈ જશે.



# પ્રભુનું મિલન

તમે પ્રભુને મિત્ર માનો છો કે દુશ્મન? મિત્રને ત્યાં જતા માનવીને જેવો આનંદ થાય, તેવો આનંદ આ દુનિયાને છોડી પ્રભુને ત્યાં જતાં તમને થાય છે ખરો? જો એમ ન થતું હોય તો જાણજો કે પ્રભુને મિત્ર ગણવાની તમારી માન્યતામાં અને વાસ્તવિક હકીકતમાં કાંઈક ફેર છે.




# શ્રવણ–કાનનું કે મનનું?

**તમે** કાનથી સાંભળો તો સાંભળતી વખતે એ સારું લાગે અને સાંભળો તેટલી જ પળ તમને એ યાદ રહે; આનું નામ તે સામાન્ય શ્રવણ. પણ મનનું શ્રવણ તો અસામાન્ય છે. એને સાંભળ્યા પછી ચિત્તમાં એ ગુંજારવ ભરી દે છે ને સ્વપ્નમાંય ગુંજી ઊઠે છે. પૂછું? તમારું શ્રવણ કયું છે?–કાનનું કે મનનું?



# આત્માર્થીનાં મોતી



**મરજીવા** માણસો, સાગરમાં ડૂબકી મારીને જીવના જોખમે પણ તળિયે રહેલાં મોતીને જેમ શોધી કાઢે છે, તેમ આત્માર્થી માણસ જીવનના ઊંડાણમાં ઊતરીને, એને તળિયે રહેલાં દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં મૂલ્યવાન મોતી શોધી કાઢે છે.

# કો'ક વિરલ

**ધન** વાપરવામાં કાળજી રાખનારા જગતમાં ઘણા મળશે, પણ અમૂલી વાણીને વાપરતી વેળા વિવેક રાખનારો કો'ક વિરલ જ મળશે. પડેલાને પાટું મારનાર દુનિયામાં ઘણા મળશે, પણ એનો હાથ ઝાલી, પ્રેમથી એને ઊભો કરી જીવનપંથે મૂકનાર કો'ક વિરલ જ મળશે.



# સુખની કસ્તૂરી



**મૃગની** પોતાની ડૂંટીમાં કસ્તૂરી હોવા છતાં જે દિશામાંથી એની વાસ આવે છે તે દિશામાં કસ્તૂરી હશે એમ માની, એ જેમ એની પાછળ દોડે છે, તેમ સુખ માણસના આત્મામાં હોવા છતાં એ બાહ્ય, ભૌતિક વસ્તુમાં એની કલ્પના કરી એની પાછળ ભમે છે. પછી કોઈ સદ્ગુરુ મળે તો જ એ બતાવે કે સુખની કસ્તૂરી તો તારી પોતાની અંદર જ રહેલી છે. એને જોતાં શીખ.

# સ્વાતંત્ર્યનો આનંદ !

**અહોહો !** આજે આટલો આનંદ શાને કાજે છે? સ્વાતંત્ર્ય દિન છે એટલે? તો જરા જવાબ આપશો કે સ્વાતંત્ર્ય શાનું? ઇન્દ્રિયોના વિષયોથી તમે સ્વતંત્ર છો? તૃષ્ણાથી સ્વતંત્ર છો? હલકી લાગણીઓથી સ્વતંત્ર છો? વાસના ને વિચારથી સ્વતંત્ર છો?

મિત્રો ! પ્રથમ આ બધાંથી સ્વતંત્ર બનો. તો જ સ્વાતંત્ર્યનો સાચો આનંદ માણી શકશો.



# જ્યોત ને ચીમની

**આત્મા** એ નિર્મળ જ્યોત છે; મન એની આસપાસ રહેલી ચીમની છે. આત્મ-જ્યોતનો સુંદર પ્રકાશ તો જ મળે, જો મનની ચીમની સ્વચ્છ અને નિર્મળ હોય. આપણી મન–ચીમની એવી છે ખરી?



# સાધુને સંગે

ગટરનું પાણી પણ ગંગાજળનો સંગ થતાં ધીરે ધીરે જેમ ગંગાજળ બની જાય છે, તેમ દુષ્ટ માણસ પણ જો સાધુઓના સત્સમાગમમાં જીવન ગાળવા લાગે તો સજ્જન બની શકે છે.



# ધ્યેયની સ્પષ્ટતા



તિરંદાજ પોતાનું બાણ ત્યારે જ છોડે છે જ્યારે એનું નિશાન નક્કી થઈ ગયું હોય છે; તેમ, મહાન માણસ પણ ત્યારે જ પગલું ભરે છે, જ્યારે એનું ધ્યેય, એની આંખ સામે સ્પષ્ટ બને છે.

# સમ્યગ્દ્રષ્ટિ

**સાકર** પણ શ્વેત છે અને ફટકડી પણ શ્વેત છે; પણ માખી તો સાકર ઉપર જ બેસવાની. તેમ, સમ્યગ્દૃષ્ટિ પણ, સત્ય અને અસત્યની પસંદગી પ્રસંગે, સત્યનો જ સ્વીકાર કરવાની.



# પ્રકાશના પાથરનારા

**સત્તા,** સંપત્તિ અને દેહના સૌન્દર્ય પાછળ ઘેલા બનનારા પાગલોનો જગતમાં તોટો નથી; પણ સત્ય, સંયમ, સાધના અને સમાધિ પાછળ પાગલ બનનાર કેટલા ? યાદ રાખજો કે એ લોકો જ વિશ્વના અંધાર પંથે પ્રકાશ પાથરી જાય છે.



# સ્વ અને સર્વ

હાથના પંજાને અને તેની પ્રત્યેક આંગળીને જેમ વિશિષ્ટ કાર્ય કરવાનાં છે તેમ વ્યક્તિએ પણ સમાજના અંગ બની જીવવાનું છે, એકત્વ સાધવાનું છે. યાદ રાખજો કે સ્વની વિચારણા એ અંધકાર છે; સર્વની ભાવના એ જીવનનો અમર પ્રકાશ છે.



# ઉપદેશની ઓથ



જીવનને ખરે અવસરે, જેમ બૅન્કમાં મૂકેલું દ્રવ્ય અને તેનું વ્યાજ કામ લાગે છે, તેમ ગુરુ અને જ્ઞાની પાસેથી સાંભળેલા ઉપદેશ, જીવનની વિષમ વિપત્તિની પળોમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

# માનવતા અને ધર્મ

**મૂલ્યવાન** હીરો સુવર્ણની વીંટીમાં જ શોભે, પિત્તળની વીંટીમાં તો એનો મહિમા જ માર્યો જાય છે. આવી રીતે આત્મધર્મનો અમૂલો હીરો પણ માનવતાવાળા માનવીમાં જ શોભે છે, દીપે છે.



# આત્માની અનુભૂતિ



'લાડુ' શબ્દના ઉચ્ચારથી કાંઈ લાડુ ખાધાની તૃપ્તિ થઈ જતી નથી; ભૂખને ભાંગવા તો લાડુ ખાવો જોઈએ. આમ 'આત્મ' શબ્દના રટણથી કાંઈ આત્મજ્ઞાન લાધી શકતું નથી; એ તો જે ભક્ત આત્માની અનુભૂતિ કરે છે તેને જ પરમાનંદની પરિતૃપ્તિ મળે છે.

# સંયમનો બંધ

**ભાકરા**–નાંગલના બંધમાં નાનું કાણું પડતાં કેટલું બધું નુકશાન થઈ ગયું? એથી ઘણાને અંતરે શોક છવાયો. પણ સમાજ આખામાંથી આજે સંયમ અને સદાચારનો બંધ તૂટી રહ્યો છે એને માટે કોઈ રડશો ખરા?



# વિશ્વમંગલની સંઘપ્રાર્થના

[મુંબઈની અંદર શ્રી. નમિનાથજીના ઉપાશ્રયમાં મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીએ ચાતુર્માસ દરમિયાન અને ત્યાર પછી જે પ્રવચનો આપ્યાં એ વેળા, રોજ તેઓ પોતાની રચેલી પ્રાર્થના સંભળાવતા ને શ્રોતાવર્ગ એ ડોલતે દિલે ઝીલતો, સૂર પુરાવતો. અહીં એ પ્રાર્થના, સર્વ રસિકો માટે પ્રગટ કરવામાં આવે છે....સં.]



# વિશ્વમંગલની સંઘપ્રાર્થના

**[મુંબઈની** અંદર શ્રી. નમિનાથજીના ઉપાશ્રયમાં મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીએ ચાતુર્માસ દરમિયાન અને ત્યાર પછી જે પ્રવચનો આપ્યાં એ વેળા, રોજ તેઓ પોતાની રચેલી પ્રાર્થના સંભળાવતા ને શ્રોતાવર્ગ એ ડોલતે દિલે ઝીલતો, સૂર પુરાવતો. અહીં એ પ્રાર્થના, સર્વ રસિકો માટે પ્રગટ કરવામાં આવે છે....સં. ]



# કલ્યાણ-ભાવના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું
મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે.

*

ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં
મુજ જીવનનું અર્ધ્ય રહે.

*



હીન, ક્રૂર ને ધર્મવિહોણા
દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી
અશ્રુનો શુભ સ્રોત વહે.

*

માર્ગભૂલેલા જીવનપથિકને,
માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની,
તોયે સમતા ચિત્ત ધરું.

*



ચન્દ્રપ્રભની ધર્મભાવના,
હૈયે સૌ માનવ લાવે,
વેર–ઝેરનાં પાપ તજીને,
મંગળ ગીતો એ ગાવે.



મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી